રવિ કૃષિ મહોત્સવ – ૨૦૨૪ જા.નં/વિ/તા.મુ/ટે-૧૪(૩૫)/કૃ.મ.-૨૪/૯૩૦૮-૧૦૦૪૪/૨૦૨૪

સમયમર્યાદા

ખેતી નિયામકની કચેરી,
કૃષિભવન, ગુ.રા., ગાંધીનગર
તા. ૨૮-૧૧-૨૦૨૪

પ્રતિ,
(૧) સર્વે કલેક્ટરશ્રી તમામ...........
(૨) સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ...........

**વિષય:** રવિ કૃષિ મહોત્સવ – ૨૦૨૪ – પરિપત્ર

**મહોદયશ્રી,**

આગામી રવિ કૃષિ મહોત્સવ – ૨૦૨૪નું આયોજન તા. ૦૬/૧૨/૨૦૨૪ થી તા. ૦૭/૧૨/૨૦૨૪ દરમ્યાન કરવાનું થાય છે. સદર રવિ કૃષિ મહોત્સવનું સમયસર અને સુચારૂ આયોજન થઇ શકે તે હેતુથી સરકારશ્રી દ્વારા ક્રમાંક ACD/KIP/e-file/2/2023/4506/K8 તા. ૨૮/૧૧/૨૦૨૪ સુચનાઓ પરિપત્રિત કરેલ છે (નકલ સામેલ છે). આ સાથે પ્રસ્તુત પરિપત્ર સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લઇ સત્વરે કૃષિ મહોત્સવનું આયોજન/અમલીકરણ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

સામેલ: ઉપર મુજબ

ખેતી નિયામક
ગુ.રા., ગાંધીનગર

**સવિનય નકલ રવાના પ્રતિ:**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા માન. મુખ્યમંત્રીશ્રીના માયાળુ ધ્યાને મુકવા વિનંતી સહ.
(૨) માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન અને મત્સ્યોધોગ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા માન. માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન અને મત્સ્યોધોગ)ના માયાળુ ધ્યાને મુકવા વિનંતી સહ.
(૩) સર્વે માન. મંત્રીશ્રીઓ / સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૪) માન. અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, બ્લોક નં-૫, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૫) સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીઓ તરફ જાણ સારૂ.
(૬) સર્વે ખાતાના વડાઓ / બોર્ડ-નિગમ/ કૃષિ યુનિવર્સિટીઓ તરફ જાણ તથા ધટતી કાર્યવાહી સારૂ .
(૭) નાયબ સચિવશ્રી (કૃષિ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના પ્રતિ::**

(૧) સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિ) (તમામ)........
(૨) જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, (તમામ) ........
(૩) નાયબ ખેતી નિયામકશ્રી (વિ), (તમામ) ........
(૪) નાયબ ખેતી નિયામકશ્રી (તા), (તમામ) ........
(૫) સર્વે મામલતદારશ્રી(તમામ)........
(૬) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી(તમામ)........
(૭) ખાતાના આયોજન/ઇકોસ્ટેટ/પાક/આઇ.ક્યુ/એલ.ડબલ્યુ.ઇ/નાણાં/વહીવટ વિભાગ તરફ જાણ સારૂ.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
પરિપત્ર ક્રમાંક-ACD/KIP/e-file/2/2023/4506/K8
સચિવાલય, ગાંધીનગર
તા:.૨૮ /૧૧/૨૦૨૪

પરિપત્ર :

રાજ્યના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યનાં તમામ તાલુકાઓમાં તા. ૦૬ /૧૨/૨૦૨૪થી તા. ૦૭ /૧૨/૨૦૨૪ દરમ્યાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવાનુ થાય છે. જેની વિગતવાર કાર્યક્રમની રૂપરેખા પરિશિષ્ટ મુજબ સામેલ રાખેલ છે. કાર્યક્રમની સામાન્ય સુચનાઓ નીચે મુજબ છે.

1) તા. ૦૬ /૧૨/૨૦૨૪થી તા. ૦૭ /૧૨/૨૦૨૪ સુધી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં તાલુકાવાર ૨૪૮ અને રાજ્ય કક્ષાનો ૧ કાર્યક્રમ એમ કુલ ૨૪૯ જેટલા કાર્યક્રમ કરવાનું આયોજન કરેલ છે. સદર કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી/ માન.મંત્રીશ્રી /માન.રા.ક. મંત્રીશ્રી/માન.ચેરમેનશ્રી નક્કી થયેલ સ્થળ પર હાજર રહેશે. કાર્યક્રમનો સમય સવારે ૦૮:૩૦ કલાકે થી સાંજે ૦૫:૦૦ કલાક સુધીનો રહેશે.
2) રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના આ બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે સસ્ટેનેબલ ફાર્મીંગ, પ્રાકૃતિક કૃષિ, મિશ્ર પાક પધ્ધતિ, મિક્ષ ફાર્મિંગ, કૃષિ પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત યોજાશે. તેમજ બીજા દિવસે : વેલ્યુ એડીશન દ્વારા ખેડુતોની આવકમાં વધારો, મિલેટ સહિતના મુખ્ય પાકોની આધુનિક તાંત્રીકતા વિષય પર પરિસંવાદ, કૃષિ પ્રદર્શન તથા ખેડુતો દ્વારા પ્રાકૃતિક કૃષિના એક મોડેલ ફાર્મની મુલાકાત લેવામાં આવશે. પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મના મુલાકાતની અમલવારી નિયામકશ્રી સમેતિ અને સ્ટેટ નોડલ ઓફીસર, આત્મા દ્વારા કરવામાં આવશે.
3) તાલુકા કક્ષાના ૨ દિવસીય કાર્યક્રમમાં કુલ ૧૦૦૦ ખેડુતો (૫૦૦ ખેડુત પ્રતિ દિન) અને રાજ્ય કક્ષાના એક દિવસીય કાર્યક્રમમાં ૫૦૦૦ ખેડુતો હાજર રહેશે. ખેડૂત મોબીલાઈઝેશનની વ્યવસ્થા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે. રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના બે દિવસીય કાર્યક્રમમાં તાલુકાના તમામ ગામોના ખેડૂતોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે મુજબ કાર્યકમનું આયોજન કરવાનું રહેશે.

4) કૃષિ મહોત્સવના રાજ્ય કક્ષાના કાર્યક્રમના સ્થળે ૨૫ થી ૩૦ સ્ટોલ અને તાલુકા કક્ષાએ કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન માટે કુલ ૧૦ થી ૧૫ સ્ટોલનું આયોજન કરવાનું રહેશે. સંભવિત સ્ટોલ માટેની યાદી આ સાથે સામેલ પરિશિષ્ટ – ૨ મુજબની રહેશે.

5) કાર્યક્રમ દરમ્યાન દરેક તાલુકામાંથી ખેડૂતોની પંસદગી કરી તેમને સ્ટેજ ઉપરથી મહાનુભાવોના હસ્તે યોજનાઓના મંજુરી પત્રો / સહાય /સહાયના હુકમોના વિતરણ સુચારૂ રૂપે થાય તેવી વ્યવસ્થા કાર્યક્રમના સ્થળેથી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.

6) સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા દ્વારા પ્રગતીશીલ ખેડૂતોને આત્મા બેસ્ટ ફાર્મર (તાલુકા/જિલ્લા/રાજ્ય કક્ષા)ના એવોર્ડ આપવાનું આ કાર્યક્રમમાં સમાવેશ કરવાનો રહેશે.

7) કાર્યક્રમમાં જીલ્લાના સંબધિત માન. સંસદસભ્યશ્રી, માન. ધારાસભ્યશ્રી તેમજ અન્ય પદાધિકારીશ્રીઓને આમંત્રણ પાઠવવાના રહેશે.

8) રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના આયોજન માટે જીલ્લા કક્ષાએ જીલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જીલ્લા અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જેમાં લાઇન ડીપાર્ટમેન્ટના (મહેસુલ, પંચાયત, કૃષિ, બાગાયત, પશુપાલન, સહકાર, જીજીઆરસી, કૃષિ યુનિવર્સિટી, માહિતી ખાતું, વિગેરે) અધિકારીશ્રીઓને સભ્ય તરીકે રાખવાના રહેશે. સદર સમિતિમાં જીલ્લા ખેતીવાડી અધિકારી સભ્ય સચિવ તરીકે રહેશે.

9) તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકા અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જે તાલુકા કક્ષાના કાર્યક્રમ માટે જવાબદાર રહેશે. સદર સમિતિમાં તાલુકા વિકાસ અધિકારી સભ્ય સચિવ તરીકે રહેશે.

10) તાલુકા કક્ષાના સ્થળની પંસદગી જીલ્લાની ઉક્ત કમીટીના પરામર્શમાં રહી નક્કી કરવાની રહેશે.

11) દરેક કાર્યક્રમ માટે સ્ટેજ ડોમ, મંડપ, ખુર્શી , સોફા, ઈલેક્ટ્રીફિકશન, ડીજી સેટ, એલ ઈ ડી સ્ક્રીન, સાઉંડ સિસ્ટમ, લાભાર્થી માટે લોજીસ્ટીક વ્યવસ્થા,ચા-નાસ્તો, ભોજન, બેકડ્રોપ,સ્ટેન્ડી, હોર્ડીંગ્સ, એંકરીંગ તથા કાર્યક્રમના આયોજન સંબધિત આનુષાંગિક તમામ વ્યવસ્થા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.

12)રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત તાલુકા દીઠ રૂ. ૭.૦૦ લાખની ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. જે પૈકી મિલેટ ડેવલપમેન્ટ યોજનામાંથી રૂ. ૨.૦૦ લાખ/તાલુકા તથા કૃષિ મહોત્સવ યોજનામાંથી રૂ. ૫.૦૦ લાખ/તાલુકા ફાળવવામાં આવશે. જે અન્વયે સ્થાનીક જરૂરિયાત તેમજ પરિસ્થિતી અનુસાર ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જિલ્લા અમલીકરણ સમિતીની મંજુરી મેળવી નિયમોનુસાર ખર્ચ કરવાનો રહેશે.

13) સદર કાર્યક્રમનો ખર્ચ મિલેટ ડેવલેપમેન્ટ યોજના તથા કૃષિ મહોત્સવ ૨૦૨૪ની યોજનામાં થયેલ બજેટ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

14) રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ ના આયોજન તેમજ ખર્ચ બાબતે કૃષિ મહોત્સવ-૨૦૨૪ના સામેલ ઠરાવના નિયમો, શરતો અને બોલીઓ મુજબ અમલવારી કરવાની રહેશે.

15) સદર કાર્યક્રમ બાબતે નિયત થયેલ ખર્ચની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. સદર કાર્યક્રમ બાબતે મંજુર થયેલ કુલ જોગવાઈ કરતા વધુ ગ્રાન્ટની જરૂર જણાય તો જરૂરી વિગતો અને આધાર પુરાવા સાથે સરકારશ્રીને અલગથી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

16)કોઈ પણ ખર્ચનું ચુકવણું ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ કરી શકાશે નહિ. ખર્ચ ચુકવણા બાબતે સરકારશ્રીના વખતોવખતના નીતિનિયમો અને નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

17) રવિ કૃષિ મહોત્સવના આયોજન અંતર્ગત જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ જીલ્લાના તમામ કાર્યક્રમોની દરખાસ્ત સંકલીત કરી નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને ચુકવણા અર્થે મોકલી આપવાની રહેશે.

18) કાર્યક્રમના સ્થળે ચા-નાસ્તો/બપોરના ભોજનની વ્યવસ્થા તથા ખેડુતોને લાવવા લઈ જવાની વ્યવસ્થા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.ખેડુતોને લાવવા લઈ જવાની વ્યવસ્થા માટેનો તેમજ ચા-નાસ્તો-ભોજન માટેનો ખર્ચ કાર્યક્રમ દીઠ ફાળવેલ ગ્રાંટમાંથી નિયત મર્યાદામાં કરવાનો રહેશે.

19)કાર્યક્રમની સાથોસાથ પશુપાલન વિભાગે સ્થાનિક કક્ષાએ ૨ દિવસ માટે પશુ આરોગ્ય કેમ્પ કરવાના રહેશે.

20)જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામક (વિ.), નાયબ બાગાયત નિયામક, નાયબ પશુપાલન નિયામક, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન , કૃષિ યુનિવર્સિટી, સ્થાનિક યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

21)રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મુલ્ય વર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મુલ્ય વર્ધન, તેમજ સફળ પશુપાલન જેવા વિષયોને સેમીનારમાં આવરી લઈ કાર્યક્રમમાં ખેડૂતોને માર્ગદર્શન આપવાનું રહેશે.

22) રવિ કૃષિ મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત, મિલેટ ખેતી કરતા/પ્રોસેસીંગ કરતા/આગેવાન ખેડુત તથા FPO; તેમજ પ્રગતિશીલ ખેડૂતના વકતવ્યનું આયોજન કરવાનું રહેશે.

23)રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪માં જે તે જીલ્લામાં તાલુકા કક્ષાના કાર્યક્રમ માટે કૃષિ યુનિવર્સિટી દ્વારા વિષયને અનુરૂપ વૈજ્ઞાનિકશ્રીઓની નિમણુંક કરવાની રહેશે. સદર બાબતે કૃષિ યુનિવર્સિટી દ્વારા સંબધિત જીલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

24)તમામ જિલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ જીલ્લા કક્ષાએથી કૃષિ મહોત્સવના કાર્યક્રમના પુર્વ આયોજનની વિગતવાર માહિતી તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદ રીપોર્ટીંગની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ થાય તે માટે વર્ગ -૨ કક્ષાના અધિકારીની નિમણૂંક કરવાની રહેશે.

25)સંબંધિત વિસ્તારના ખેડુતો પાસેથી પાક તથા ખેતી સંલગ્ન પ્રશ્નો અગાઉથી ગ્રામસેવક/વિસ્તરણ અધિકારીએ મેળવીને સંબંધીત કૃષિ વૈજ્ઞાનિકશ્રીને આપવાના રહેશે જેથી કૃષિ વૈજ્ઞાનિકશ્રી પૂરતી તૈયારી સાથે કાર્યક્રમમાં હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપી શકે.

26)કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતે પાક પરિસંવાદ અને ત્યારબાદ પ્રદર્શન ખાતેના કૃષિ યુનીવર્સિટીના સ્ટોલ ઉપર બે દિવસ માટે હાજર રહી ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું રહેશે.

27)કૃષિ મહોત્સવ સાથે સંકળાયેલા અન્ય વિભાગોએ પણ મહોત્સવ દરમ્યાન કાર્યક્રમના સ્થળે/ સ્થાનિક કક્ષાએ પોતાના વિભાગની કામગીરી હાથ ધરવાની રહેશે.

28) સદર કાર્યક્રમ માટેના જિલ્લાવાર નોડલ અધિકારીશ્રીઓની નિમણુંક પશુપાલન, બાગાયત, આત્મા, ખાતાના વડાના પરામર્શમાં ખેતી નિયામકશ્રી દ્વારા કરવાની રહેશે.

29)કલેક્ટરશ્રીએ પ્રભારી મંત્રીશ્રી/પ્રભારી સચિવશ્રીને કૃષિ મહોત્સવ અંગે થયેલ કામગીરીથી માહિતગાર કરવાના રહેશે.

30)વર્ગ-૧/વર્ગ-૨ કક્ષાના અધિકારીશ્રીઓને કૃષિ મહોત્સવના દરેક કાર્યક્રમ દીઠ સ્વતંત્ર જવાબદારીઓ સોંપવાની રહેશે.

31)રવિ કૃષિ મહોત્સવમાં આઈ-ખેડૂત પોર્ટલ તથા ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓની ખેડૂતોને સમજ આપવાની રહેશે.

32) રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમનું પુર્વ આયોજન તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદ સરકારશ્રી કક્ષાએ રીપોર્ટીંગ કરવા તથા સતત માહિતગાર કરવા હેતુ કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના પશુપાલન નિયામકશ્રીની કચેરીએ કરવાની રહેશે. રવિ કૃષિ મહોત્સવ પુર્ણ થયા બાદ સમગ્ર મહોત્સવનો સંકલીત રીપોર્ટ તૈયાર કરી સરકારશ્રી કક્ષાએ રીપોર્ટીંગ કરવાનું રહેશે.

## રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના સફળ આયોજન માટે સમિતિઓની રચના અને કાર્યો.

૧. જીલ્લા અમલીકરણ સમિતિની રચના :-

| | | |
|---|---|---|
| ૧ | જીલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જીલ્લા વિકાસ અધિકારીશ્રી | સહઅધ્યક્ષશ્રી |
| ૩ | નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) | સભ્યશ્રી |
| ૫ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૬ | નાયબ પશુપાલન નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૭ | ગુજરાત એગ્રો. ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના પ્રતીનિધિશ્રી | સભ્યશ્રી |
| ૮ | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| | અન્ય સભ્યોનો સમાવેશ કલેક્ટરશ્રી જરૂરિયાત મુજબ કરશે. | |

<u>કાર્યો</u> :-

- રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમનું સુચારૂ આયોજન, અમલીકરણ અને મોનીટરીંગ.
- મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સ્ટેજ પર પ્રોટોકોલની વ્યવસ્થા કરવી તેમજ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવી તથા બ્રીફીંગ કરવું.
- કાર્યક્રમના સ્થળ પસંદગી કરી તેની ચકાસણી કરવી, સ્થાનિક પરિસ્થીતી અનુસાર કાર્યક્રમમાં સુચિત સ્થળ કે અન્ય ફેરફાર કરવાનો હોય તો રાજ્ય સરકારશ્રીની જાણ હેઠળ ફેરફાર કરી શકાશે.
- કાર્યક્રમના સ્થળે પ્રદર્શન/સ્ટોલ માટે આયોજનની ટીમની રચના કરવી.
- કાર્યક્રમનો લાભ વધુમાં વધુ ખેડૂતો લઈ શકે તે માટે એ.પી.એમ.સી., ડેરી, સુગરફેક્ટરી, સહકારી સંસ્થાઓ વગેરેનો સહયોગ સુનિશ્ચિત કરવો.
- કાર્યક્રમના ભાગરૂપે આમંત્રીત ખેડૂતો / પશુપાલકોને ચા-નાસ્તો તેમજ વર્કિંગ લંચ પુરી પાડવાની વ્યવસ્થા.
- કાર્યક્રમના સ્થળે મંડપ, માઇક, લાઇવ પ્રસારણ માટે LED તેમજ અન્ય આનુષંગિક જરૂરી તમામ વ્યવસ્થા
- કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ માટેના બેકડ્રોપ તેમજ ડાયસ પ્લાન તૈયાર કરવાની તેમજ જરૂર જણાયે સક્ષમ સત્તાધિકારિની મંજુરી.
- મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ મુજબનું અમલીકરણ

૨. <u>તાલુકા અમલીકરણ સમિતિની રચના:-</u>

| | | |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | તાલુકા મામલતદારશ્રી | સભ્ય |
| ૩ | મદદનીશ ખેતી નિયામકશ્રી / ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| ૪ | વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી) | સભ્ય |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૬ | પ્રાંત અધિકારીશ્રી સ્થાનીક પરિસ્થિતિ મુજબ લાઇન ડીપાર્ટમેંટના અધિકારીઓ, પદાધીકારીઓ સ્થાનીક સંસ્થા , બેંક પ્રતીનીધીઓનો સભ્ય તરીકે સમાવેશ કરી શકશે | |

કાર્યો:-

- જીલ્લા અમલીકરણ સમિતીના પરામર્શમાં રહી કાર્યક્રમના સ્થળની પંસદગી કરવી.
- મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સ્ટેજ પર સરકારી નિયમોનુસારના પ્રોટોકોલની વ્યવસ્થા કરવી તેમજ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવી તથા બ્રીફીંગ કરવું.
- કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ માટેના બેકડ્રોપ તેમજ ડાયસ પ્લાન તૈયાર કરવાની તેમજ જરૂર જણાયે સક્ષમ સત્તાધિકારિની મંજુરી.
- વધુમાં વધુ સંખ્યામાં ખેડુતો હાજર રહે તે માટે રૂટ પ્લાનિંગ તથા સંખ્યા સાથેનું ચોક્કસ આયોજન કરવુ.
- કાર્યક્રમના સ્થળે મંડપ, માઈક લાઈવ પ્રસારણ માટે LED તેમજ અન્ય આનુષંગિક જરૂરી તમામ વ્યવસ્થા
- સ્થાનિક ધોરણે ફાયર સેફ્ટી, વીજ પુરવઠો, સ્વચ્છતા અને પ્રાથમિક સારવાર માટેની વ્યવસ્થા
- કાર્યક્રમના ભાગરૂપે આમંત્રીત ખેડૂતો / પશુપાલકોને ચા-નાસ્તો તેમજ વર્કિંગ લંચ પુરી પાડવાની વ્યવસ્થા.
- કાર્યક્રમના દિવસે પીવાના પાણી, ટોયલેટ તથા અન્ય આવશ્યક પ્રાથમિક સુવિધાની વ્યવસ્થા કરવી.
- સ્થાનિક પ્રચાર પ્રસારની વ્યવસ્થા કરવી.

ઉપર્યુકત સમિતિઓની બેઠક રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ શરૂ થતાં પહેલાં વહેલાસર યોજવી તેમજ જરૂરિયાત મુજબનું આયોજન સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા- ૨૮/૧૧/૨૦૨૪ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવેશ પટેલ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ:- પરિશિષ્ટ-૧ અને ૨

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર-સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ-પશુપાલન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સર્વે માન. મંત્રીશ્રીઓ/માન, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રી ના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણઅને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (વસુતાપ્ર-૨), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, મત્સ્યોધ્યોગ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા કલેક્ટરશ્રી, તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, ગુજરાતરાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરથી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી કોરિશન લીમીટેડ, ગાંધીનગર - કુલપતિશ્રી, રાજ્ય કૃષિ યુનિવસીટી/આણંદ/નવસારી/જુનાગઢ/ દાંતીવાડા
- નિયામકશ્રી, સ્મેતિ આત્મા પ્રોજેક્ટ, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલન, કૃષિ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગર
- સંબંધિત કચેરી

રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નો સુચિત કાર્યક્રમ નીચે મુજબ રહેશે. પરંતુ સ્થાનિક પરિસ્થિતિ મુજબ તેમાં ફેરફાર કરી શકાશે. (સુચિત કાર્યક્રમ)

પરિશિષ્ઠ- ૧

સુચિત કાર્યક્રમની રૂપરેખા

| પ્રથમ દિવસ (સસ્ટેનેબલ ફાર્મિંગ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના એક મૉડેલ ફાર્મની મુલાકાત) | | |
|---|---|---|
| સમય | સૂચિત કાર્યક્રમ | આયોજક |
| ૦૮-૩૦ થી ૧૦-૦૦ | ખેડૂતોનું આગમન, રજીસ્ટ્રેશન તેમજ ચા નાસ્તો | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૦-૦૦ થી ૧૩-૦૦ | રાજ્યકક્ષાએથી માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનું પ્રસારણ | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૩.૦૦ થી ૧૪.૦૦ | વર્કીંગ લંચ | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૪.૦૦ થી ૧૫.૦૦ | પ્રદર્શનના સ્ટોલની મુલાકાત | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૫.૦૦ થી ૧૭.૦૦ | પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત | નિયામકશ્રી સમેતિ અને સ્ટેટ નોડલ ઓફીસર, આત્મા |

| બીજો દિવસ ( વેલ્યુ એડીશન દ્વારા ખેડુતોની આવકમાં વધારા અંગે પરિસંવાદ, પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના એક મૉડેલ ફાર્મની મુલાકાત) | | |
|---|---|---|
| સમય | સૂચિત કાર્યક્રમ | આયોજક |
| ૦૮-૩૦ થી ૧૦-૦૦ | ખેડૂતોનું આગમન, રજીસ્ટ્રેશન તેમજ ચા નાસ્તો | જીલ્લા વહીવટી તંત્ર |
| ૧૦-૦૦ થી ૧૧-૦૦ | પદાધિકારીઓનું પ્રવચન | |
| ૧૧-૦૦ થી ૧૧-૨૦ | મિલેટ પાકોમાં મુલ્ય વર્ધન અંગેનુ વકત્વ્ય | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૧- ૨૦ થી ૧૧-૪૦ | કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા અંગેનુ વકતવ્ય | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૧-૪૦ થી ૧૧-૫૫ | ખેતી અને બાગાયતી પાકોમાં મુલ્ય વર્ધન અંગેનુ વકતવ્ય | FPO સંગઠનના સભ્ય |
| ૧૧-૫૫ થી ૧૨- ૧૦ | બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ અંગેનું વકતવ્ય | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૨-૧૦ થી ૧૨.૩૦ | પ્રીસીઝન ફાર્મીંગ અંગેનું વકતવ્ય | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૨.૩૦ થી ૧૨.૪૦ | આભાર વિધિ | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૨.૪૦ થી ૧૩.૦૦ | વર્કીંગ લંચ | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૩.૦૦ થી ૧૫.૦૦ | પ્રદર્શનના સ્ટોલની મુલાકાત | જિલ્લા વહિવટી તંત્ર |
| ૧૫.૦૦ થી ૧૭.૦૦ | પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત | નિયામકશ્રી સમેતિ અને સ્ટેટ નોડલ ઓફીસર, આત્મા |

## પરિશિષ્ઠ- ૨

## સંભવિત સ્ટોલની વિગતો

| અ.નં | વિગત |
|---|---|
| ૧ | ખેડુતોના સ્ટોલ<br>• પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોના સ્ટોલ<br>• બાગાયતી ખેત પેદાશોનું પ્રદર્શન<br>• "શ્રી અન્ન" ની ખેડૂતો દ્વારા તૈયાર કરેલ વિવિધ વાનગીઓના પ્રદર્શન અને વેચાણ<br>• FPO ના પ્રદર્શન સ્ટૉલ |
| ૨ | નવીન ટેક્નોલોજીના આકર્ષણો અંગેના સ્ટોલ -<br>• મિલેટ પાકોની વૈજ્ઞાનિક ખેતી તથા મુલ્યવર્ધન<br>• મિલેટ પાકોના સ્વાસ્થ્ય અંગેના લાભ<br>• ડ્રોન ટેકનોલોજીનું પ્રત્યક્ષ નિદર્શન<br>• NewAges ફર્ટીલાઈઝરના વપરાશ વધારા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગેના સ્ટોલ<br>• ગાય આધારીત પ્રાકૃતિક ખેતીના ઘટકોના લાઈવ સ્ટોલ (બીજામૃત, જીવામૃત, ઘનામૃત, નિમાસ્ત્ર વિગેરે) આધારિત પ્રદર્શન સ્ટોલ<br>• ખેતી પાકોમાંથી ઈથેનોલના ઉત્પાદન અંગેના પ્રદર્શન સ્ટોલ<br>• Nano Urea અને Nano DAP નું નિદર્શન અને વેચાણ / વિતરણ |
| ૩ | કૃષિ અને સંલગ્ન ખાતા તેમજ કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ<br>• જમીન ચકાસણી માટેના સ્ટોલ (સરકારી/ખાનગી સંસાધનોનો પીપીપી મોડ)<br>• કિસાન ક્રેડીટ કાર્ડ માટેના સેંટર<br>• ખેડૂત ઉપયોગી સંશોધનો/ ભલામણો દર્શાવતા કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ<br>• પશુપાલન ખાતા દ્વારા સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પ<br>• બાગાયત/પશુપાલન ખાતાના સ્ટોલ<br>• પી એમ કિસાન યોજના અંતર્ગત લેંડ સીડીંગ, ઈ કેવાયસી અને સેલ્ફ રજીસ્ટ્રેશન બાબતના સ્ટોલ |
| ૪ | ખાનગી કંપનીઓના સ્ટોલ<br>• ફાર્મ મિકિનાઈઝેશન/એગ્રો પ્રોસેસીંગ માટેના યંત્ર/ઓજારો અને ખેતીવાડીના સ્ટોલ |

************************************************************************************************